જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૦૯/૨૦૨૧ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૭૫૦/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૪/૦૯/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૭૭	૦	૧૧૬૭૭	૧૭૭૮૮	૦	૧૭૭૮૮
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૧૧	૧	૧૧૨	૩૮૪	૦	૩૮૪
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૧૬૩૦	૫૮	૭૧૬૮૮	૭૨૬૩૬	૬૦	૭૨૬૯૬
કુલ		૮૮૧૫૧	૫૯	૮૮૨૧૦	૯૭૦૯૦	૬૦	૯૭૧૫૦

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૬૧	૪,૭૯,૧૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૭૩૦	૭,૩૦,૦૦૦/-

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૭૫૧/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૫ કેસ કરી, ૬૯ વ્યક્તિઓને ઝડપી, ૩૧૬ લીટર દેશી દારૂ, ૨૬૫ બોટલ ઇંગ્લીશ દારૂ, ૫૮ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૨ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૭ કેસ કરી ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૪,૭૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૭૫૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૬ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૭૫૩/૨૦૨૧**

કૃષ્ણનગરઃ કનૈયાલાલ છગનલાલ પંચાલ (રહે.માધવ બંગ્લોઝ શબરી બંગ્લોઝ પાછળ નવા નરોડા) એ તા.૨૪/૦૯/૨૦૨૧ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૦૯/૨૦૨૧ કલાક ૧૨/૦૦ થી તા.૨૩/૦૯/૨૦૨૧ સવારના ૭/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાન પાછળના ભાગે લગાવેલ શેડ ખોલી દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૧૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭૪,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એન.વાઘેલા ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૭૫૪/૨૦૨૧**

રિવરફ્રંટ વેસ્ટઃ (૧) ધર્મશભાઈ વિનોદભાઈ પંચાલ (ઉ.વ.૧૯) (રહે. ઉમિયાનગર સોસાયટી તક્ષશીલા સ્કુલ પાછળ વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૯/૨૦૨૧ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે ગુર્જરી બજાર પાસે રીવરફ્રન્ટ રોડ ફુટપાટ ઉપર પોતાનુ એક્ટીવા પાર્ક કરી ગુર્જરી બજાર પાછળ બનતા લોખંડના બ્રીજ વચ્ચે રીવરફ્રન્ટ વોક-વે સીડી પાસે આવેલ લીફટ નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી જગદિશચંદ્ર આત્મારામ ચલાવે છે.

રિવરફ્રંટ વેસ્ટઃ (૨) સહેનાજબાનુ મોહંમદભાઈ સૈયદ (ઉ.વ.૪૫) (રહે. જમાલપુર દરવાજા પાસે એબતખાન મસ્જીદ પાસે છાપરામાં જમાલપુર) એ બીમારી તેમજ એકલવાયા જીવનથી કંટાળી તા.૨૪/૦૯/૨૦૨૧ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે જમાલપુર કુલબજાર સરદારબ્રિજ પાસે રિવરફ્રન્ટ વોક વે નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પ્રો.પો.સ.ઈ.શ્રી જે.બી.ભાદરકા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.